Letter No: COS/0452/07/2025 Approved Date: 25-07-2025

**FileNo.-** COS/PNS/e-file/276/2025/0970/SECONDARY/પેન-૧

નિયામક શાળાઓની કચેરી,
વિદ્યાસમિક્ષા કેન્દ્ર, સેક્ટર-૧૯,
પુનીતવનની સામે,
ગાંધીનગર, ગુજરાત.

પ્રતિ,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની કચેરી, **તમામ.**

**વિષય :** ફિક્સ પગારમાં શિક્ષણ સહાયક તરીકે બજાવેલ ફરજને સ્વૈચ્છિક નિવૃત્તિના કિસ્સામાં ધ્યાને લેવા બાબત.
**સંદર્ભ :** શિક્ષણ વિભાગના Letter No: ED/1023/07/2025 Approved Date: 24-07-2025.

શિક્ષણ વિભાગનો સંદર્ભનો ઠરાવ જાણ તથા જરૂરી કાર્યવાહી સારૂ આ સાથે સામેલ રાખી મોકલી આપવામાં આવે છે.

**બિડાણ:** સંદર્ભનો ઠરાવ.

**નાયબ શિક્ષણ નિયામક**
**માધ્યમિક**
**ગુ.રા., ગાંધીનગર**

Signature valid
Signed by:Jayeshbhai Mohanbhai Patel
Deputy Director
Date: 2025.07.25 17:37:44 +05:30

File No: COS/PNS/e-file/276/2025/0970/SECONDARY
Approved By: Deputy Director,SECONDARY,COS
*Open the document in Adobe Acrobat DC to verify the E-sign*

શ્રી જીવાભાઈ સોમાભાઈ પરમારની તારીખ ૦૧/૧૨/૧૯૯૯ થી તા.૩૦/૧૧/૨૦૦૪ સુધી ફિક્સ પગારમાં શિક્ષણ સહાયક તરીકે બજાવેલ ફરજને સ્વૈચ્છિક નિવૃત્તિના કિસ્સામાં ધ્યાને લેવા બાબત.(મદદનીશ શિક્ષક, એન.બી.પંચાલ હાઈસ્કુલ, ડાંગરવા, તા. કડી, જિ. મહેસાણા).

ગુજરાત સરકાર,

શિક્ષણ વિભાગ,

ઠરાવ ક્રમાંક: **ED/GMO/e-file/3/2025/2292/G-1**

સચિવાલય, ગાંધીનગર.

તા. ***e-Sign*** મુજબ

<u>વંચાણે લીધા:-</u>

1. શિક્ષણ વિભાગનો તારીખ ૦૭/૧૦/૨૦૨૨નો ઠરાવ ક્રમાંક:બમશ/૧૧૧૯/૧૩૪૬/ગ.
2. નિયામકશ્રી શાળાઓની કચેરીનો તા.૧૭/૦૪/૨૦૨૫નો પત્ર ક્રમાંક: COS/PNS/0147/2025/0970/SECONDARY.

<u>આ મુ ખ:-</u>

શિક્ષણ વિભાગના વંચાણે લીધેલ ક્રમ:(૧) સામેના ઠરાવથી રાજ્યની બિન સરકારી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં વિભાગના તા. ૦૨/૦૭/૧૯૯૯ના ઠરાવ બાદ નિમણૂંક પામેલ શિક્ષણ સહાયકો, વહિવટી સહાયકો અને સાથી સહાયકોની પાંચ વર્ષની ફિક્સ વેતનથી બજાવેલ સેવાઓ બઢતી, પ્રવરતા, ઉચ્ચતર પગાર ધોરણ તેમજ નિવૃત્તિ વિષયક લાભો માટે માન્ય ગણવાનું ઠરાવવામાં આવેલ છે.

શિક્ષણ વિભાગના વંચાણે લીધેલ ક્રમ:(૧) સામેનાન ઠરાવમાં ફિક્સ પગારની સેવાઓ સ્વૈચ્છિક નિવૃત્તિના કિસ્સામાં ધ્યાને લેવાની રહે કે કેમ? તે બાબતે સ્પષ્ટતા થયેલ ન હોવાથી વંચાણે લીધેલ ક્રમ:(૨) સામેના પત્રથી નિયામકશ્રી શાળાઓની કચેરી દ્વારા શ્રી જીવાભાઈ સોમાભાઈ પરમારની (મદદનીશ શિક્ષક, એન.બી.પંચાલ હાઈસ્કુલ, ડાંગરવા, તા. કડી, જિ. મહેસાણા) તારીખ ૦૧/૧૨/૧૯૯૯ થી તા.૩૦/૧૧/૨૦૦૪ સુધી ફિક્સ પગારમાં શિક્ષણ સહાયક તરીકે બજાવેલ ફરજને સ્વૈચ્છિક નિવૃત્તિના કિસ્સામાં ધ્યાને લેવા બાબતે દરખાસ્ત રજુ કરેલ હતી. જે બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

<u>ઠ રા વ:-</u>

પુખ્ત વિચારણાને અંતે જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની કચેરી મહેસાણાના તાબા હેઠળની બિનસરકારી અનુદાનિત એન.બી.પંચાલ હાઈસ્કુલ, ડાંગરવા, તા. કડી, જિ. મહેસાણાના મદદનીશ શિક્ષક શ્રી જીવાભાઈ સોમાભાઈ પરમારની તારીખ ૦૧/૧૨/૧૯૯૯ થી તા.૩૦/૧૧/૨૦૦૪ સુધી ફિક્સ પગારમાં શિક્ષણ સહાયક તરીકે બજાવેલ ફરજને સ્વૈચ્છિક નિવૃત્તિના કિસ્સામાં સેવા તરીકે ગણવાની આથી મંજુરી આપવામાં આવે છે. આવા સમાન પ્રકારના અન્ય કેસોમાં પણ ફિકસ પગારની શિક્ષણ સહાયક તરીકે બજાવેલ ફરજને સ્વૈચ્છિક નિવૃતિ સમયે સેવા તરીકે ગણવાની રહેશે.

આ હુકમો વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર નાણા વિભાગની તારીખ ૨૦/૦૭/૨૦૨૫ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

Signature Not Verified
Signed by Dineshkumar kaljibhai gameti
Section Officer
Date: 2025.07.24 11:21:19 +05:30

File No: ED/GMO/e-file/3/2025/2292/G-1
Approved By: Deputy Secretary,G-1,ED
*Open the document in Adobe Acrobat DC to verify the E-sign*

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

**e-Sign/-**

(ડી. કે. ગામેતી)

સેક્શન અધિકારી

શિક્ષણ વિભાગ

પ્રતિ,

- સચિવશ્રી (આ.બા.), નાણા વિભાગ, બ્લોક-૭/૫, સચિવાલય, ગાંધીનગર.
- નિયામકશ્રી, શાળાઓની કચેરી,વિદ્યા સમીક્ષા કેન્દ્ર, સેકટર-૧૯, ગાંધીનગર.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ/રાજકોટ.
- જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, મહેસાણા (નિયામકશ્રી શાળાઓની કચેરી મારફત)
- જિલ્લા તિજોરી અધિકારીશ્રી, મહેસાણા.
- આચાર્યશ્રી, એન.બી.પંચાલ હાઇસ્કુલ, ડાંગરવા, તા. કડી, જિ. મહેસાણા (નિયામકશ્રી શાળાઓની કચેરી મારફત)
- નાયબ સેકશન અધિકારીની સિલેકટ ફાઇલ- ૨૦૨૫.
- શાખા સિલેક્ટ ફાઇલ- ૨૦૨૫.